# Dr. Babasaheb Ambedkar Open University
## Term End Examination July - 2026

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Course** | **:** | **BSW** | **Date** | **:** | **09-07-2026** |
| **Subject Code** | **:** | **BSWR-301** | **Time** | **:** | **11:30am to 01:45pm** |
| **Subject Name** | **:** | **સામુદાયિક સંગઠન કાર્ય** | **Duration** | **:** | **02.15** |
| | | | **Max. Marks** | **:** | **70** |

### Section A

**નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો (કોઈ પણ ત્રણ)** **(30)**

1. સમુદાયનો અર્થ આપી, સમુદાયના વિવિધ પ્રકારો અને તેની મુખ્ય લાક્ષણિકતાઓ વિગતવાર સમજાવો.
2. સામુદાયિક સંગઠન પદ્ધતિના મૂળભૂત સિદ્ધાંતો અને તેમાં સામાજિક કાર્યકર માટે જરૂરી મહત્વના કૌશલ્યોની ચર્ચા કરો.
3. સામુદાયિક સંગઠનમાં કાર્યક્રમ આયોજન, નિર્માણ, નિયંત્રણ અને દસ્તાવેજીકરણનું મહત્વ અને તેના સિદ્ધાંતો સમજાવો.
4. સામાજિક ક્રિયાનો અર્થ અને વ્યાખ્યા આપી, મહાત્મા ગાંધી અને પાઉલો ફ્રેયરની સામાજિક ક્રિયાની થીયરીઓ સવિસ્તાર સમજાવો.
5. સામાજિક વિઘટન એટલે શું? સમુદાયમાં સામાજિક વિઘટનના લક્ષણો અને તેના પાછળના મુખ્ય કારણોની વિસ્તૃત ચર્ચા કરો.

### Section B

નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો (કોઈ પણ ચાર) (20)

1. સામુદાયિક ભાવના એટલે શું? તેના મુખ્ય તત્વો ટૂંકમાં સમજાવો.
2. સામુદાયિક સંગઠન પદ્ધતિની પ્રક્રિયાના વિવિધ તબક્કાઓ સ્પષ્ટ કરો.
3. સામુદાયિક સંગઠન પદ્ધતિમાં સામાજિક કાર્યકરની વિવિધ ભૂમિકાઓ જણાવો.
4. સહભાગી સૂક્ષ્મ મૂલ્યાંકન અને નેતૃત્વ વિકાસ વિશે ટૂંકનોંધ લખો.
5. સામાજિક ક્રિયાના અધિકાર આધારિત અભિગમની ટૂંકી સમજ આપો.
6. સામાજિક આંદોલનો માટે સામાજિક ક્રિયાની મુખ્ય રણનીતિઓ કઈ કઈ છે?

### Section C

Part – A (Multiple Choice Questions) (10)

1. સમુદાય શબ્દ કઈ ભાષાના 'Com' અને 'Munis' શબ્દો પરથી બન્યો છે?

   A. ગ્રીક B. લેટિન

   C. ફ્રેન્ચ D. અંગ્રેજી

2. "સમુદાય કોઈ મર્યાદિત પ્રદેશની અંદર સામાજિક જીવનનું પૂર્ણ સંગઠન છે" - આ વ્યાખ્યા કોણે આપી છે?

A. મેકાઇવર અને પેજ B. બોગાર્ડસ

C. ઓગબર્ન અને નિમકોફ D. ગ્રીન

3. નીચેનામાંથી કયું સામુદાયિક ભાવનાનું તત્વ નથી?

A. પોતાની ઓળખ B. પરસ્પર આશ્રિતતા

C. ભૂમિકા ભાવના D. વૈયક્તિક સ્વાર્થ

4. સામુદાયિક સંગઠન એ સમાજકાર્યની કઈ પદ્ધતિ છે?

A. પ્રાથમિક પદ્ધતિ B. સહાયક પદ્ધતિ

C. ગૌણ પદ્ધતિ D. વૈયક્તિક પદ્ધતિ

5. રેકોર્ડિંગ (દસ્તાવેજીકરણ) નો કયો સિદ્ધાંત સાચો છે?

A. રેકોર્ડ જટિલ હોવો જોઈએ B. રેકોર્ડ સરળ અને સ્પષ્ટ હોવો જોઈએ

C. રેકોર્ડ ગુપ્ત હોવો જોઈએ D. રેકોર્ડની જરૂર હોતી નથી

6. સામાજિક ક્રિયામાં 'હરિજન' પત્રની શરૂઆત અને અસ્પૃશ્યતા નિવારણનું કાર્ય કોણે કર્યું હતું?

A. બાબાસાહેબ આંબેડકર B. મહાત્મા ગાંધી

C. પાઉલો ફ્રેયર D. જ્યોતિરાવ ફૂલે

7. 'સામાજિક ક્રિયાએ સમાજકાર્યની _______ પદ્ધતિ છે.

A. મુખ્ય B. ગૌણ

C. ઉપરોક્ત બંને D. એક પણ નહિ

8. સામાજિક વિઘટનનું મુખ્ય લક્ષણ કયું છે?

A. સામાજિક એકતા B. જૂથો વચ્ચે સંઘર્ષ

C. સાર્વત્રિક શાંતિ D. સંસ્કૃતિનું જતન

9. લોકોની સહભાગીદારી દ્વારા સમુદાયની સમસ્યાઓનું સૂક્ષ્મ મૂલ્યાંકન કરવાની પદ્ધતિ કઈ છે?

A. વૈયક્તિક અભ્યાસ B. PRA

C. સામાજિક સર્વેક્ષણ D. સામાજિક આંદોલન

10. દહેજ પ્રથા કે બાળલગ્ન વિરુદ્ધ થતા આંદોલનો સમાજકાર્યના કયા ક્ષેત્રમાં આવે છે?

A. વૈયક્તિક કાર્ય B. જૂથ કાર્ય

C. સામાજિક ક્રિયા D. સામાજિક વહીવટ

## Part – B (Do as Directed)

નીચે આપેલ વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો (10)

1. સમુદાય એ મનુષ્યોનો એક મૂર્ત સમૂહ છે.
2. સામુદાયિક સંગઠન કાર્યમાં દસ્તાવેજીકરણ બિનજરૂરી છે.
3. પાઉલો ફ્રેયર સામાજિક ક્રિયા અને સંવાદની થીયરી સાથે સંકળાયેલા છે.
4. સામાજિક વિઘટનથી સમુદાયમાં એકતા વધે છે.
5. સામુદાયિક સંગઠન પદ્ધતિ એ સમાજકાર્યની પદ્ધતિ નથી.
6. સામાજિક ક્રિયા હંમેશા હિંસક જ હોવી જોઈએ.
7. મેકાઇવર અને પેજના મતે નાનો કે મોટો સમૂહ જ્યારે સામાન્ય જીવનની બધી પરિસ્થિતિમાં ભાગ લે ત્યારે તેને સમુદાય કહેવાય છે.
8. સહભાગી સૂક્ષ્મ મૂલ્યાંકનમાં સ્થાનિક લોકોની ભાગીદારી જરૂરી નથી.
9. ભૂખ હડતાલ અથવા ઉપવાસ એ સામાજિક ક્રિયા માટે પ્રતિકારનું એક રૂપ છે.
10. સામાજિક વિધાન સામાજિક સમસ્યાઓના નિયંત્રણ અને નિરાકરણ માટે બનાવવામાં આવે છે.

*****